## <u>વડોદરા ના મહે.૧૨ માં એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં.</u>

**ફરીયાદી–** શ્રી સરકાર

**વિરુદ્ધ**

**આરોપી–** રઘુવીરસિંહ છત્રસિંહ ચૌહાણ
રહે. વડોદરા.

<u>તહોમત</u>– **<u>બી.એન.એસ.ની કલમ–૨૨૩ મુજબ</u>**

## <u>–ચુકાદો–</u>

**૧.** ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૨૨૩ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા અંગેનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ થયેલ છે.

**૨.** સદર કામે આરોપીને સમન્સ બજતા, આરોપી આજરોજ હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે આપવામાં આવેલ છે અને આરોપી હાજર થઈ તેઓને ગુનાનો અહેસાસ હોય, આરોપીનું નિવેદન લેતાં, આરોપીએ તેઓના વિરુદ્ધના ગુનાની સ્વૈચ્છાએ કબુલાત કરેલ છે તેમજ અલાયદી કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેમાં મુખ્યત્વે આરોપીએ જણાવેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુન્હો છે અને આ ગુન્હો તેમનાથી કોઈપણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને તેઓને સજા કરવામાં આવે તો, તેમના કુટુંબને ભુખે મરવાનો વારો આવશે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહીં કરે તેવી બાંહેધરી આપે છે અને સુધરવાની તક આપવા સામે યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે. આરોપી ઓ મુદ્દામાલ કલેઇમ કરતા નથી તેવી પુરસીસ અદાલત સમક્ષ પોતાની સહી કરી રજુ કરેલ છે.

**૩.** આજરોજ નેશનલ લોકઅદાલત છે, જેમાં ખાસ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે. સદર કામે આરોપી વિરુદ્ધ ગુન્હાનો આક્ષેપ અને આરોપીની ગુના કબુલાત પુરસીસ ધ્યાને લેતાં, આ અદાલત પાસે આરોપીને તકસીરવાન ઠરાવ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. આરોપીને સજા અંગે પુછતા આરોપીનું એ સ્પષ્ટ કથન છે કે, આ ગુન્હો તેમનાથી કોઈ પણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને તેઓને સજા કરવામાં આવે તો, તેમના કુટુંબને ભુખે મરવાનો વારો આવશે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહીં કરે તેવી બાંહેધરી આપે છે અને સુધરવાની તક આપવા સામે યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે તેમજ નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ નંબર–૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોરના કેસમાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો, દરેક કેસની હકીકત ધ્યાને લઈ, નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે.

આમ, સદરહું ચુકાદાના પાના નંબર–૭૨૧ ઉપર પેરા–૨૧ માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતાં, ઉપરોક્ત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. આ સંજોગોમાં આરોપીની રજુઆત ધ્યાને લેતાં, હું આરોપીને ઓછામાં ઓછી સજા કરવાનું ઉચિત માનું છું અને આરોપીને ઉપરોક્ત ગુનાઓમાં તકસીરવાન ઠરાવું છું અને નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**–આખરી હુકમ–**

**૧.** આ કામના આરોપીને બી.એન.એસ.ની કલમ–૨૨૩ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી, આરોપીને રૂ.૨૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે તથા જો દંડ ના ભરે તો, દિન–૦૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૦૮.૦૩.૨૦૨૫ ના રોજ લોક અદાલત/સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૮.૦૩.૨૦૨૫
વડોદરા.

**(રાહુલ સચદેવા )**
**કોડ નં.જીજે.૦૧૭૨૫**
૧૨ માં એડી. સીવીલ જજ અને
જે.એમ.એફ.સી., વડોદરા.

પાવતી નં.
દંડ રૂ.
તારીખ:૦૮.૦૩.૨૦૨૫

ચીફ કોર્ટ, વડોદરા.

(એસ.આર.ખાચર)/સ્ટેનોગ્રાફર.